ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



●કાંકણપુર-રામપુરા બ્રિજની કામગીરી ચાલુ હોવાથી અવરજવર માટે કામચલાઉ ડાયવર્ઝન અપાયું

# મેઘકહેર

●કાલોલ શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા

## દાહોદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી વરસાદ

ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં હાલાકી

વૃદ્ધાનું કાચું ઘર અચાનક એકાએક ધરાશાયી થઈ ગયું

દાહોદ જિલ્લામાં વરસાદને લઈને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.19

દાહોદ જિલ્લાના દાહોદ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે વહેલી સવારથી વરસાદ પડ્યો હતો વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી અને ઉકળાટનો સામનો કરી રહેલા લોકોને ગાજવીજ સાથે પડેલા વરસાદે મોટી રાહત આપી હતી. આજે સવારથી જ આકાશમાં વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું. સવારે અચાનક ઘેરા વાદળો છવાઈ જતાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. દાહોદ શહેર સહિત આસપાસના અનેક ગામોમાં વરસાદી ઝાપટાં વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી જિલ્લામાં ઊંચા તાપમાનને કારણે લોકો ગરમી અને ઉકળાટથી ત્રસ્ત બન્યા હતા. વરસાદ શરૂ થતાં તાપ માનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો અને જનજીવનને રાહત મળી હતી. વરસાદ બાદ માર્ગો તેમજ ખુલ્લા વિસ્તારોમાં ઠંડકનો અનુભવ થતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદના આગમનથી ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ખેતી માટે અનુકૂળ વાતાવરણ સર્જાતા ખેડૂતોમાં આશાનું નવું કિરણ જાગ્યું છે. વરસાદથી જમીનમાં ભેજનું પ્રમાણ વધતાં આગામી વાવણી અને ખેતી કાર્યોને લાભ મળશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, ભારે વરસાદ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલી ગરમી અને ઉકળાટથી લોકોને રાહત મળી છે. જ્યાં વહેલી સવારથી જ શરૂ થયેલા વરસાદને કારણે ખેતીના પાકને પણ ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે સાથે હવામાન વિભાગે આગામી 24 કલાકમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.



દાહોદમાં ભારે વરસાદ



કરાડ નદીમાં તબાહી

## દિલ્હી-મુંબઈ કોરિડોર ખેડૂતો માટે માથાનો દુખાવો બન્યો



દાહોદ જિલ્લામાંથી પસાર થતો દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવે હવે ખેડૂતો માટે મુશ્કેલીનું કારણ બન્યો હોવાનું સામે આવ્યું છે. જિલ્લાના વસ્તી ગામ વિસ્તારમાં હાઈવે નજીક આવેલા ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેડૂતો અને ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ હાઈવે નિર્માણ દરમિયાન વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે વરસાદ બાદ પાણીનો પ્રવાહ અટવાઈ જતાં ખેતરોમાં પાણી ભરાઈ રહ્યું છે. સાથે સાથે અનેક ઘરોમાં પણ પાણી ઘૂસી જતાં લોકોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.આ સમસ્યા અંગે ગ્રામજનો અને ખેડૂતો દ્વારા અનેક વખત સંબંધિત વિભાગો અને અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

## બાકરોલ કરાડ નદીમાં હિટાચી મશીન અને બે ઓપરેટર ફસાયા

**કાલોલ :** શહેરમાં આજે વહેલી સવારના ચાર વાગ્યાના અરસામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ગાજવીજ અને વિજળીના કડાકા ભડાકા અને ભારે પવનના સૂસવાટા સાથે અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતા વિજ પુરવઠો ખોરવાતા શહેરીજનોની ઊંઘ ઉડી ગઈ હતી જ્યાં લગભગ અંદાજીત ત્રણ કલાક સુધી અનરાધાર વરસેલા વરસાદના કારણે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. સણસોલી ગામે નાળિયા ની ઉપર થી પાણી પસાર થતું જોવા મળ્યું છે. બાકરોલ ખાતે નદીમાં પુલ બનાવવાનુ કામ કરતા દરમિયાન પાણી ની આવક અચાનક વધી જતા હિટાચી મશીન અને બે ઓપરેટર નદીમાં ફસાઈ ગયા હોય પાલિકાનું ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હોવાની માહિતી મળી રહી છે.કાલોલ નગરપાલિકા વિસ્તારમાં,બસ સ્ટેશન રોડ, બસ સ્ટેન્ડ પાછળના ગધેડી ફળીયા,કોલેજ વિસ્તારની સોસાયટી, હાઉસિંગ સોસાયટી સહિત અનેક સોસાયટીઓ સહિતના વિસ્તારોનાં રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.અને સતત વિજળીના કડાકાભડાકા સાથે ગાજવીજથી સમગ્ર નગરનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.



## કાંકણપુર-રામપુરા બ્રિજનું ડાયવર્ઝન-નિર્માણ સામગ્રી તણાઈ વાહનવ્યવહાર ઠપ્પ

**ગોધરા :** હવામાન વિભાગ દ્વારા અપાયેલી યેલો એલર્ટની આગાહી વચ્ચે પંચમહાલ જિલ્લામાં મધ્યરાત્રિથી ખાબકેલા ધોધમાર વરસાદે મોટી અસર સર્જી છે. ગોધરા તાલુકાના કાંકણપુર અને રામપુરાને જોડતા માર્ગ પર ચાલી રહેલા બ્રિજના નિર્માણ કાર્યને આ વરસાદથી ભારે નુકસાન પહોંચ્યું છે. નદીના ધસમસતા પ્રવાહમાં બ્રિજનો સામાન અને ડાયવર્ઝન ધોવાઈ જતાં લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, પંચમહાલ જિલ્લામાં અને ગોધરા તાલુકામાં મધ્યરાત્રિએ અવિરત અને ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે આસપાસના ગામો અને ખેતરોના પાણી કાંકણપુર ગામેથી પસાર થતી મહીઓ નદીમાં ઉમટી પડ્યા હતા. આસપાસનું પાણી ભળતા નદીના જળસ્તર અને વહેણમાં અચાનક જ મોટો વધારો થયો હતો અને પાણી ધસમસતા પ્રવાહ સાથે આગળ વધવા લાગ્યા હતા. માર્ગ અને મકાન વિભાગ દ્વારા કાંકણપુરથી રામપુરાને જોડતા મુખ્ય બ્રિજનું નિર્માણ કાર્ય છેલ્લા લાંબા સમયથી ચાલી રહ્યું હતું.



## પીપળીયા ગામમાં ભારે વરસાદના કારણે વૃદ્ધ મહિલાનું ઘર ધરાશાયી



**ગોધરા :**ગોધરા તાલુકાના કાંકણપુર નજીક આવેલા પીપળીયા ગામની ઇન્દિરા નગરીમાં મધ્યરાત્રીએ ખાબકેલા ધોધમાર વરસાદને પગલે એક વૃદ્ધા દરિયાબેન ઉદાભાઈ પરમારનું ઘર અચાનક ધરાશાયી થયું છે. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી પરંતુ વૃદ્ધ મહિલા ઘરવિહોણા બની જતાં આશ્રય છીનવાઈ ગયો છે. આ ઘટના બાદ સ્થાનિક લોકો દ્વારા નિરાધાર બનેલા વૃદ્ધાને વહીવટી તંત્ર દ્વારા સત્વરે આર્થિક અને રહેઠાણની સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### સિંગવડ PM આવાસ યાદી વિવાદ

## "ગરીબને લાભ" છતાં પાકા મકાનવાળાને ફાળવણી કરાઈ

સિંગવડ, દાહોદઃ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો સરકારશ્રીનો સ્પષ્ટ અભિગમ છે કે "આ યોજનાનો લાભ ફક્ત ગરીબ, જેમની પાસે પાકું મકાન નથી એવા જરૂરિયાતમંદ પરિવારોને જ મળવો જોઈએ". પરંતુ સિંગવડ તાલુકામાં 2026-27ની જાહેર થયેલી યાદીએ આ અભિગમને પડકાર ફેંક્યો છે. 15 જૂન 2026ના રોજ રાવત ફળિયાના લોકોએ TDO સિંગવડને આપેલા આવેદનપત્રમાં આક્ષેપ કર્યો છે કે યાદીમાં મોટા પાયે ગેરરીતિ થઈ છે.

રી-સર્વે કરવા આવેલા અધિકારીની મોટી ભૂલના કારણે જે ખરા લાભાર્થી કાચા મકાનમાં રહે છે, તેમની જગ્યાએ જેમની પાસે પહેલાથી જ પાકા મકાન, ચાર પૈડા વાહન છે એવા ઘણા લોકોના નામ લિસ્ટમાં સામેલ કરી દેવામાં આવ્યા છે. લોકોનું કહેવું છે કે છેલ્લા 2 વર્ષથી મજૂરી માટે રઝળતા અને અધૂરા મકાનમાં રહેવા મજબૂર બનેલા સાચા ગરીબ પરિવારોના નામ યાદીમાંથી બાકાત રહી ગયા છે. સરકારી અધિકારીઓ દ્વારા વારંવાર કહેવામાં આવતું હતું કે "આવાસ ફક્ત જેમને નથી મળ્યા એમને જ મળશે", પરંતુ યાદી આવતા જ ઊલટું થયું. સરકારશ્રીના અભિગમ મુજબ સમગ્ર યાદીની તટસ્થ તપાસ કરવામાં આવે. અયોગ્ય લાભાર્થીઓને આપવામાં આવેલ આવાસ તાત્કાલિક રદ કરીને તે ખરા હકદાર ગરીબ પરિવારોને ફાળવવામાં આવે. રી-સર્વેમાં બેદરકારી દાખવનારા અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવે "સરકાર કહે 'ગરીબને ઘર', સિંગવડની યાદી કહે 'પાકા મકાનવાળાને ઘર'

### ગીરધરપુરી તળાવ પાસે ગોઝારો અકસ્માત

## પલ્સર ચાલકે અન્ય બાઈકને ટક્કર મારતાં યુવકનું મોત

(પ્રતિનિધિ) કાલોલ તા.19

કાલોલ તાલુકાના ખંડોલી ગામ નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં એક ૨૮ વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું છે. પલ્સર બાઈકના ચાલકે બેફામ ગતિએ વાહન હંકારી સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતાં આ અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, ખંડોલી ગામના નિશાળવાળા ફળિયામાં રહેતા ૪૮ વર્ષીય વિધવા તારાબેન પરમારનો ૨૮ વર્ષીય દીકરો હસમુખભાઈ ચંદુભાઈ પરમાર ગઈકાલે ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં પોતાની મોટરસાયકલ લઈને ખંડોલીથી પાંડુ ગામે જઈ રહ્યો હતો. હસમુખે હજુ ચાર દિવસ પહેલા જ કાલોલના શો-રૂમમાંથી નવી નક્કોર બાઈક ખરીદી હતી, જેનો હજી સુધી આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર પણ આવ્યો નહોતો. હસમુખ જ્યારે મોજે ગીરધરપુરી બસ સ્ટેશનથી થોડે આગળ તળાવ પાસે રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે સામેથી આવતી એક પલ્સર મોટરસાયકલ નંબરઃ GJ-17-CN-7134 ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી હસમુખની બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે હસમુખને માથાના ભાગે, ડાબા પગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે પલ્સર ચાલકને પણ ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત હસમુખને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક કાલોલ સરકારી દવાખાના ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ત્યાં હાજર ફરજ પરના તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ મૃતકની માતા તારાબેન અને પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા અને આખા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.આ મામલે મૃતક યુવકની માતા તારાબેન પરમારે કાલોલ પોલીસ સ્ટેશનમાં પલ્સર મોટરસાયકલના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો

## દાહોદ ખનિજ વિભાગની તવાઈ: ૮ ડમ્પર સિઝ, રૂ. ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) દાહોદ તા.19

દાહોદ જિલ્લાના ખાણ અને ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનિજ પરિવહન સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિભાગની ટીમ દ્વારા છેલ્લા એક અઠવાડિયા દરમિયાન મોજે ફાંગીયા, દેવગઢ બારિયા-પીપલોદ રોડ તેમજ લીમખેડા-લીમડી રોડ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન સાદી રેતી ખનિજનું બિનઅધિકૃત રીતે પરિવહન કરતા તેમજ જરૂરી રોયલ્ટી પાસ વિના અને ઓવરલોડ માલસામાન સાથે દોડતા કુલ 8 ડમ્પરો ઝડપાયા હતા. ખનિજ વિભાગે તમામ ડમ્પરોને સિઝ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં અંદાજે રૂ. 1 કરોડ 70 લાખ જેટલા મૂલ્યનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ગેરકાયદેસર ખનન અને ખનિજ પરિવહન સામે સરકારની ઝીરો



ટોલરન્સ નીતિ અંતર્ગત સતત દેખરેખ રાખવામાં આવી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ખનિજ વિભાગની આ કાર્યવાહીથી ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. વિભાગે સ્પષ્ટ જણાવ્યું છે કે ખનિજોના નિયમોનો ભંગ કરનાર સામે ભવિષ્યમાં પણ કડક દંડકીય કાર્યવાહી ચાલુ રહેશે.

## ઈક્કોમાં લઈ જવાતો ૧.૦૬ લાખનો દારૂ ઝડપાયો

દાહોદઃ ઝાલોદ પોલીસને ચોક્કસ બાતમીના આધારે ગરાડુ ગામ પાસે આવેલી પાંચ મહુડા ચેક પોસ્ટ નજીકવોચ ગોઠવવામાં આવી હતી.આ નાકાબંધી દરમિયાન રાજસ્થાન તરફથી આવતીએક શંકાસ્પદ ઈક્કો ફોર વ્હીલ ગાડી ને રોકીને તલાશી લેતા 1.06 લાખનો વિદેશી ઈંગ્લિશ દારૂ મળી આવ્યો હતો. પોલીસે (૧) ટીનુભાઈ કાળુભાઈ વસૈયા (ઉ.વ.૩૧, રહે. સલ્લો પાટ, જી. બાંસવાડા, રાજસ્થાન), (૨) રાજેશભાઈ ભાનુસીંગભાઈ ગરાસીયા (ઉ.વ.૨૯, રહે. મોનાડુંગર, જી. બાંસવાડા, રાજસ્થાન) અને (૩) શૈલેષભાઈ રાજુભાઈ વસૈયા (રહે. વેલપુરા, )ને ઝડપ્યા હતા.

### ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો

## દાહોદ જિલ્લામાં બે જગ્યાએથી ત્રણ પિસ્ટલ સહિતના હથિયાર પકડાયા

(પ્રતિનિધિ) દાહોદ તા.19

ગોવિંદગુરુ લીમડી તાલુકાના રૂપાખેડા ગામના નવી વસાહત એકપિસ્ટલ હોવાની ગુપ્ત બાતમી દાહોદ એસ.ઓ.જી પોલીસને મળતા તે બાતમીને આધાર દાહોદ એસ.ઓ.જી પોલીસે રૂપા ખેડા નવી વસાહત ફળિયામાં રહેતા ૨૬ વર્ષીય પ્રકાશભાઈ રતનભાઈ પારગીની તેના ઘરેથી પોલીસે ધરપકડ કરી તેની અંગજડતી લેતા તેની પાસેથી રૂપિયા ૧૫૦૦૦/-ની કિંમતની ગેરકાયદેસર પિસ્ટલ તથા રૂપિયા ૨૦૦૦/- ની કિંમતનો વાદળી કલરની બોડી વાળો ધ કંપનીનો છ-૭૦ મોડલનો ટચ સ્ક્રીન વાળો મોબાઈલ ફોન મળી રૂપિયા ૧૭૦૦૦/-નો મુદ્દામાલ પકડી પડી લીમડી પોલીસે આ મામલે રૂપાખેડા ગામના નવી વસાહત ફળિયાના પ્રકાશભાઈ રતનભાઈ પારગી વિરુદ્ધ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)એ મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી જેલના સળિયા પાછળ મોકલી આપ્યો છે. આજ રીતે દેવગઢબારિયા તાલુકાના રૂપારેલ ગામના એક મકાનમાં દેશી હાથ બનાવટના કટ્ટા હોવાની ગુપ્ત બાતમી દાહોદ એલસીબી પોલીસને મળી હતી. જે બાતમીને આધારે એલસીબી પોલીસે ગત મોડી રાતના બે વાગ્યાથી સવા ત્રણ વાગ્યે રૂપારેલ ગામે રહેતા ૬૫ વર્ષીય બુસુદ્ધિસિમળામાં નરવતસિંગ દુલસીંગ કોળીના ઘરે ઓચિંતો છાપો માર્યો હતો. અને ઘરમાંથી પોલીસને કાંઈ ન મળતા પોલીસે ઘરે બનાવેલ ઢાળિયામાં તલાસી લેતા ઢાળિયામાં છતની નીચે ખોસી રાખેલ રૂપિયા ૪૦૦૦/-ની કુલ કિંમતના દેશી હાથ બનાવટના કટ્ટા નંગ-૨ તથા રૂપિયા ૧૦૦/-ની કુલકિંમતના જીવતા કારતુસ નંગ-૨ મળી રૂપિયા ૪૧૦૦/-નો મુદ્દામાલ પકડી પાડી ઘરધણી નરવતસિંગ દુલસીંગ કોળી ની ધરપકડ કરી છે.

## ગરબાડા શાળામાં જન કલ્યાણ શિબિર યોજાઈ

ગરબાડા:ગરબાડા માધ્યમિક શાળા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ અને મામલતદારના અધ્યક્ષસ્થાને જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં આરોગ્ય અને વિવિધ સરકારી સેવાઓ અંગે નાગરિકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા પોર્ટેબલ એક્સ-રે યુનિટની કાર્યપદ્ધતિ વિશે માહિતી અપાઈ હતી. ઉપરાંત, ક્ષયરોગ (ટીબી)ના સ્ક્રીનિંગનું નિદર્શન કરી સ્થળ પર જ એક્સ-રે સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, શિબિર દરમિયાન મામલતદાર કચેરી દ્વારા પ્રજાલક્ષી સેવાઓ અને સરકારી કામોની જાણકારી આપવામાં આવી હતી.

### દાહોદ જિલ્લામાં સરકારી ગ્રાન્ટનું મોટું કૌભાંડ

## આશ્રમશાળાઓ-છાત્રાલયો માત્ર કાગળ પરનો આક્ષેપ!

(પ્રતિનિધિ) દાહોદ તા.19

દાહોદ જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં કરોડો રૂપિયાનું મોટું ભ્રષ્ટાચાર કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સનસનાટીભર્યો પત્ર સામે આવ્યો છે. માનનીય સંયુક્ત નિયામકશ્રી અને જિલ્લા પ્રભારી અધિકારી (દાહોદ) નયનાબેન શ્રીમાળીને સંબોધીને લખાયેલા આ પત્રમાં જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.માત્ર કાગળ પર ચાલતી સંસ્થાઓઃ પત્રમાં આક્ષેપ કરાયો છે કે જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સંચાલિત ૨૧ આશ્રમ શાળાઓ અને ૬૨ ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાંથી મોટાભાગની સંસ્થાઓ બિલકુલ બોગસ છે. આ સમગ્ર કૌભાંડમાં કલ્પેશભાઈ પટેલ નામના વ્યક્તિની સંડોવણી હોવાનો સીધો આક્ષેપ છે. તેમના દ્વારા ૩ આશ્રમશાળા અને ૮ છાત્રાલયો ચલાવવામાં આવી રહ્યા છે, જે તમામ બોગસ હોવાનું જણાવાયું છે.ભૂતિયા વિદ્યાર્થીઓ અને ખોટી ગ્રાન્ટ દેવગઢ બારીઆ તાલુકાના તોયણી ગામે આવેલી આશ્રમશાળા (જે ૨૦૨૨માં પંચમહાલથી લવાઈ હતી) અને સંજેલી તાલુકાના ચમારીયા ગામે ચાલતા છાત્રાલયમાં કોઈ બોર્ડ કે મકાન જ નથી.

### નિશાંત શાહ સામે અગાઉ પણ ફરિયાદ થઇ હતી

## વેજલપુર ગ્રામ પંચાયત સભ્ય નિશાંત શાહ પર હુમલો,સામસામે ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ તા.19

કાલોલ તાલુકાના વેજલપુર ખાતે રહેતા અને વેજલપુર ગ્રામ પંચાયતના સભ્ય નિશાંતકુમાર સંજયકુમાર શાહ (ઉં.વ. ૩૭) ગત તારીખ ૧૧/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રિના આશરે આઠેક વાગ્યાના અરસામાં વેજલપુર સુરેલી સર્કલ પાસે ઉભા હતા. તે દરમિયાન વેજલપુરની વિવેકાનંદ સોસાયટીમાં રહેતો ગૌતમભાઈ હરીકિશન સેવાની મોટરસાયકલ લઈને ત્યાં આવ્યો હતો.ગૌતમે નિશાંતકુમારને જોઈને ઉશ્કેરાઈ જઈ "તુ ગામમાં દાદા થઈ ગયેલ છે" તેમ કહી મા-બેન સમી ભૂંડી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. વધુમાં, તેણે અગાઉ તેની વિરૂદ્ધ કરવામાં આવેલી અરજી બાબતે સમાધાન કરી લેવા દબાણ કર્યું હતું. જો કે, નિશાંતકુમારે સમાધાન કરવાની ના પાડતા ગૌતમ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને નિશાંતકુમારના શર્ટનો કોલર પકડી ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો.વચ્ચે પડેલા મિત્રએ છોડાવ્યા, જાનથી મારવાની ધમકી આપી આ ઝઘડો જોઈ સાથે ઉભેલા હારુનભાઈ નામના વ્યક્તિએ વચ્ચે પડીને નિશાંતકુમારને વધુ માર ખાવામાંથી છોડાવ્યા હતા. માર માર્યા બાદ આરોપી ગૌતમ સેવાનીએ "આજે તો તને જવા દઉં છું, પરંતુ ફરીવાર જો એકલો મળીશ તો તને જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી હતી અને ગાળો બોલતો-બોલતો મોટરસાયકલ પર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બનાવ બાદ બંને પક્ષો વચ્ચે અંદરોઅંદર સમાધાનની વાતચીતો ચાલતી હોવાથી તાત્કાલિક ફરિયાદ નોંધાવી ન હતી. પરંતુ લાંબી ચર્ચા બાદ પણ કોઈ સમાધાન ન આવતા આખરે નિશાંતકુમાર શાહે ગઈકાલ તારીખ ૧૮/૦૬/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. જોકે ગૌતમ સેવાની દ્વારા વોટ્સએપ ગ્રુપમાં ખરાબ શબ્દો કહેવા બદલ નિશાંત શાહ સામે ચાર દિવસ પહેલા જ ફરિયાદ નોંધાવી છે જે બાદ ગ્રામ પંચાયત સભ્યે સામી ફરિયાદ નોંધાવી છે.

## પાવાગઢ ખાતે બે માસ સુધી રવિવારે ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

હાલોલઃ પાવાગઢ ખાતે રવિવારની રજાઓના દિવસોમાં ઉમટતી શ્રદ્ધાળુઓની ભારે ભીડ અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે. જે. પટેલ દ્વારા એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, આગામી બે માસ સુધી તમામ રવિવારે ટ્રાફિક નિયમન માટે ખાસ પ્રતિબંધો છે. જે અંતર્ગત, તળેટીથી માચી સુધી જવાના રસ્તા પર એસ.ટી. બસો, સરકારી વાહનો અને પાવાગઢ ગામની કાયમી ટેક્સી પાસિંગ ગાડીઓ અવર-જવર કરી શકશે. ખાનગી વાહનો માટે માચીમાં પાર્કિંગની ઉપલબ્ધતાને ધ્યાને રાખીને જ પ્રવેશ આપવામાં આવશે.

### સુખસરના ભીતોડી પ્રાથમિક શાળા પ્રાંગણમાં યોજાયું

## વાગ્ ધારા સંસ્થા દ્વારા રાત્રી ચોપાલનું આયોજન કરાયું

( પ્રતિનિધિ ) સુખસર,તા.19

ગુરૂવાર રાત્રિના સુખસર તાલુકાના ભીતોડી ગામમાં પ્રાથમિક વિદ્યાલયનાં પ્રાગણ માં વાગ્ધારા સંસ્થા દ્વારા "રાત્રી ચોપાલ" નું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમમાં આસપાસના પાંચ ગામના ખેડૂતોએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમની અંદર ખેડૂતલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. વાગ્ધારા સંસ્થાના સહજકર્તા યોગેશભાઈ પારગી દ્વારા આસપાસ ગામથી પધારેલ ખેડૂત ભાઈઓનું સ્વાગત અભિ વાદન કરવામાં આવ્યું હતુ. ગીરીશભાઈ પટેલ દ્વારા વાગ્ધારા સંસ્થાના પરિચય સાથે વાગ્ધારા સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યોનુ વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવ્યું હતુ.જેમ કે જળ,જંગલ,જમીન, જાનવર અને પરંપરાગત બીજો પર વિસ્તારથી વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.સાથે ભિતોડી ગામને આદર્શ ગામ બનાવવા માટેના પ્રયાસ રૂપે સરકાર દ્વારા ગામડાઓને મળતા અલગ અલગ પ્રકારના બજેટો ની પણ જાણકારી આપવામાં આવી હતી. સામાજિક કાર્યકર્તા અને ભીતોડી પ્રાથમિક શાળાના આચાર્ય શંકરભાઈ કટારાએ આદિવાસીઓના કુરિવાજોને ડામવા માટે સરસ મજાના દ્રષ્ટાંતો સાથે જાણકારી આપી હતી.